# ‘જોહાર હબીબજી! લાલ જોહાર’

સલામ હબીબજી,
‘સંવેદન સાંસ્કૃતિક કાર્યક્રમ’ની લાલ સલામ! તમારા છત્તીસગઢના સાથીઓની બોલીમાં કહું તો- ‘લાલ જોહાર’!
‘સંવેદન સાંસ્કૃતિક કાર્યક્રમ’નું વિચારબીજ મનમાં ફરીથી ઘૂણવા લાગ્યું -જાન્યુઆરી 2003માં. ફરીથી ઘૂણવા લાગ્યું- એમ એટલા માટે કહું છું કે, એ બીજ રોપાયું’તું 1984 કે’85માં આપના જીવનકાર્ય અને સંઘર્ષ વિશેનો એક વિગતવાર ઇન્ટરવ્યુ વાંચીને. ખેર, એ વિચારબીજ ફરીથી ઘૂણ્યું અને અમે -મેં, સરૂપબેન(ડો. સરૂપ ધ્રુવ) અને વિલી(વિલ્ફ્રેડ ડી’કોસ્ટા) એ એપ્રિલ, 2003થી એ સાકાર કરવાનું બીડું ઝડપ્યું. સમય ખૂબ ઓછો હતો. હું આપને મળવા ભોપાલ દોડી આવ્યો, પરંતુ જીવનની છેલ્લી ઘડી સુધી ‘નયા થિયેટર’ સાથે સતત ઘૂમતાં રહેલા આપ, ત્યારે પણ ઘરમાં નહોતા. ન મળી શક્યો આપને. બીજી બાજુ અહી, ગુજરાતમાં સમયનો તકાજો હતો. ગુજરાતમાં મુસ્લિમોના ‘જનસંહાર -2002’નો પ્રથમ તબક્કો પૂરો થઇ ગયેલો. ‘જનસંહાર’ નિમિત્તેની ‘ગૌરવ યાત્રા’ઓ પણ સમાપ્ત થઇ ગયેલી અને ગુજરાતની જનતાએ ‘જનસંહાર’ના સૂત્રાધારોને ડીસેમ્બર -2002માં ફરીથી સત્તાનાં સૂત્રો પણ સોંપી દીધેલાં. અમે એપ્રિલમાં આપને યાદ કરીને ‘કાર્યક્રમ’ની શરૂઆત કરી દીધી.

પણ આપણા જેવાં કલાકારો, રંગકર્મીઓની દુનિયા ત્યારે પણ અને હજી આજે પણ ખૂબ નાની છે. હબીબજી! 2004 ની શરૂઆતમાં મુંબઇ ખાતે ‘બીજી દુનિયા શક્ય છે’(વર્તમાન મૂડીના વૈશ્વિકરણના યુગમાં) ના સૂત્ર સાથે મુખ્યત્વે ત્રીજા વિશ્વનાં દેશોના વિકાસલક્ષી આંદોલનો, સંગઠનો, બૌદ્ધિકો દ્વારા ‘વિશ્વ સામાજીક મંચ’ [World Social Forum] આયોજીત કરાયું હતું. એની સમાંતરે મુખ્યત્વે દક્ષિણ એશિયાના ક્રાંતિકારી આંદોલનો, સંગઠનો, બૌદ્ધિકો દ્વારા આયોજીત  કરાયું ‘મુંબઇ પ્રતિરોધ’[Mumbai Resistance]. હું એમ.આર. સાથે હતો. તેનાં સાંસ્કૃતિક વિભાગની કેટલીક જવાબદારી મેં સ્વીકારી હતી. તે સમયે દેશભરમાં આ બંને સમાંતરે ચાલનારાં ‘સામાજીક મંચો’ પરિવર્તનકામીઓ માટે વિચારધારાના આરપારના યુદ્ધ સમાન બની ગયેલાં. અમે -એમ.આર. ની સાંસ્કૃતિક સમિતિ તરફથી નક્કી કર્યું કે, એમ. આર. ના ‘સાંસ્કૃતિક મંચ’નું ઉદ્‌ઘાટન આપ કરો. મેં આપને ફોન કર્યો. સતત ઘૂમતા આપ ઘેર જ મળી ગયાં. આપણી વચ્ચે કોઇ રૂબરૂ પરિચય નહી. મેં વિગતવાર એમ.આર.ના ઉદ્દેશો અને વિચારધારા વિશે આપને વાત કરી. તમે કહ્યું, મને આ બધું લખાણ ફેક્સ કરી દે, સાંજ સુધીમાં જવાબ આપીશ. અને સાંજે તમે એમ.આર.માં સામેલ થવા માટે હા પાડી દીધી.

હજુ એમ.આર. શરૂ થાય એ પહેલાં અમારા એક નાટક સામે ફરી એકવાર ‘ગુજરાત રાજ્ય થિયેટર સેન્સરબોર્ડ’ સત્તાનો કોરડો વીઝવાની તૈયારી શરૂ કરી. અમને અંદાજ આવી ગયો કે, સાબરમતી રીવર ફ્રન્ટ યોજના અને સાંપ્રદાયિકતાની રાજનીતિ સામે ગરીબોનો અવાજ રજૂ કરતું અમારું નાટક ‘સુનો! નદી ક્યા કહતી હૈ’ હવે નિશ્ચિતપણે શહીદ થશે. અમે જો આમ થાય તો ‘થિયેટર સેન્સરશિપ નાબૂદી’નું આંદોલન ફરી એકવાર છેડવાનું નક્કી કર્યું. એમ.આર. માં આપની સાથે વાત કરી. તમે તરત જ ‘સુનો, નદી..... ’ની રજુઆતના સમર્થનમાં અને ‘થિયેટર સેન્સર બોર્ડ’ નાબૂદીના સમર્થનમાં સૂર પુરાવ્યો. જરૂર પડ્યે આંદોલનમાં સામેલ થવાની તત્પરતા પણ બતાવી. અમે 1984માં ‘સંવેદન સાંસ્કૃતિક મંચ’ શરૂ કર્યો અને

અમારા પહેલા જ નાટક 'ઇતિહાસની બીજી બાજુ'(ભગતસિંહના જીવન અને કાર્યો વિશેનું ફૂલલેન્ગ્થ નાટક) ઉપર ગુજરાતના 'થિયેટર સેન્સર બોર્ડે' કુઠારાઘાત કર્યો ત્યારે, અને પછી 1989માં 'ગેરેજ સ્ટુડિયો થિયેટર'ના નાટક 'જોસેફ કે.નો મુકદમો' ઉપર 'બોર્ડે' તલવાર તાણી ત્યારે, સફળતાપૂર્વક 'સેન્સર બોર્ડ' વિરોધી આંદોલન ચલાવી શકેલાં. અલબત્ત, સફળ નહોતા થયાં, પણ નોંધપાત્ર આંદોલન ચાલેલાં. પરંતુ 2004નું ગુજરાત પલટાઇ ચૂક્યું હતું.

2007 સુધીમાં 'સંવેદન સાંસ્કૃતિક કાર્યક્રમ' પડતાં-આખડતાં ભાંખોડિયા ભરતો થઇ ગયેલો. એની આંખોમાં કૈંક એવાં જ સપનાં હતાં જે 1948 થી 1956 દરમિયાનની 'ઇપ્ટા'ની અંધાધૂંધી અને અંતે એના પતન બાદ તમે 'નયા થિએટર' ની કલ્પનામાં જોયેલાં. 2007માં જેવું 'સંવેદને' રાષ્ટ્રીય સ્તરના 'રંગભૂમિ અને સંઘર્ષ'[Theatre and Conflict] વચ્ચેના પારસ્પરિક સંબંધોને સમજવા માટે એક પરિસંવાદ તથા કાર્યશાળાનું આયેજન કર્યું ત્યારે સૌથી પહેલાં 'કી-નોટ' પ્રવચન માટે આપને સંપર્ક કર્યો. કેમ કે, આજ વિષય સાથે તો આપ અને 'નયા થિએટર' અડધી સદીથી મથામણ કરી રહ્યા હતા. ફોન પર તમે ખૂબ વસવસા સાથે, માફી માગીને ના કહી. કેમકે, આપ ભારતના એક અનોખા સંઘર્ષરત વિસ્તાર ઉત્તર-પૂર્વમાં રંગયાત્રા(સંઘર્ષ યાત્રા) પર હતા. તમે કહ્યું, તું કહે છે એ દિવસે શો નથી, પણ ભારતના આ છેડેથી બિલકુલ સામેના બીજા છેડા સુધી આવવા-જવાની બે દિવસની વિમાની મુસાફરી ખમી શકે, અને ફરી બીજા દિવસે શો કરી શકે, એટલી તાકાત મારા શરીરમાં હવે રહી નથી.

આ આપણી અંતિમ પરોક્ષ મુલાકાત હતી, હબીબજી! પરંતુ, તમે નથી જાણતાં, કેમકે, મેં તમને કદી કહ્યું જ નથી, પણ 'સંવેદન સાંસ્કૃતિક કાર્યક્રમ'નું વિચારબીજ તમે મને આપેલું એટલે 'સંવેદન' સાથેનો આપનો સંબંધ દીવાદાંડીનો છે. અને તેથી 'સંવેદન'નું હોડકું જ્યાં સુધી રાજનૈતિક સાંસ્કૃતિક જૂથ અને પ્રયોગશાળા તરીકે મૂડીના વૈશ્વિકરણ, સાંસ્કૃતિક ફાસીવાદ અને સાંપ્રદાયિકતાના વર્તમાન વિશાળકાય મોજાંઓ સામે ઝીક ઝીલતું તરતું રહેશે ત્યાં સુધી એ તમારા 'નયા થિએટર'ના ખ્યાલની દિશામાં આગળ વધતું રહેશે, તમારા અજવાળે, તમારી હૂંફ સાથે.

હબીબજી, છેલ્લાં થોડાં વર્ષોમાં મારી યાદશક્તિ ખાસી નબળી પડી ગઇ છે, વેરવિખેર થઇ ગઇ છે. છતાં જે કાંઇ આપના પેલા, ઇન્ટરવ્યૂની વાતો યાદ છે, જેણે મારામાં 'સંવેદન સાંસ્કૃતિક કાર્યક્રમ'નુ બીજ રોપ્યું હતું, તે આજે, તમે જ્યારે સદેહે જગત પર નથી, ત્યારે તમારી સાથે 'શેર' કરવાની ઇચ્છા હું રોકી નથી શકતો. આવા 'શેરીંગ'ની યોગ્યાયોગ્યતા વિશે હું નથી જાણતો. પણ ગયા અઠવાડિયે એક દિવસ સવારે ઉઠ્યો અને ન્યૂઝ ચેનલ પર નાનકડી પટ્ટી પર વાંચ્યું 'હબીબજીનું નિધન'; ત્યારથી લાગતું હતું કે, જો હું તમારી સાથે આ 'શેર' હવે પણ ના કરું તો હું મને જીવનભર માફ નહીં કરી શકું.

એ ઇન્ટરવ્યુમાં હબીબજી, તમે દિલ ખોલીને તમારી સંઘર્ષયાત્રા અને સપનાંઓની વાત કરી હતી. ક્યાં સંજોગોમાં અને કેવાં સપનાં સાથે તમે 'નયા થિએટર'ની શરૂઆત કરી, શરૂઆતનાં વર્ષોમાં તમારા એ સપનાંએ કેટકેટલાં કપરાં ચઢાણ ચઢવા પડ્યાં કે 1973 સુધીમાં એક તબક્કે તમને લાગ્યું કે, મારું આ સપનું તૂટી પડશે. પણ પછીનો ઇતિહાસ દેશ અને દુનિયા જાણે છે. મારામાં 'સંવેદન કાર્યક્રમ'નું સ્વપ્નું રોપ્યું તમારા ઇન્ટરવ્યૂની બે-ત્રણ અનોખી બાબતોએ.

પહેલી વાત તો હતી, તમારા છત્તીસગઢના દલિત-શોષિત-ગરીબ અને સંભાવનાઓથી ભરપૂર પરંતુ વિધિવત રીતે કેળવાયેલાં નહી એવાં લોકકલાનાં નાનાં કલાકારોને ખપ પૂરતી તાલીમો આપીને સંપૂર્ણ કલાકાર તરીકે તૈયાર કરવાની, બીજી બાબત હતી, એ કલાકારો દ્વારા જ લોક નાટ્યકળાનાં કેટલાંક તત્વો અને 'શિષ્ટ' રંગભૂમિના કેટલાંક તત્વોનું મિશ્રણ કરીને એવી રંગભૂમિ/રંગશૈલીનું સર્જન કરવું જે રંગભૂમિને

સમાજના ભદ્ર વર્ગ સુધી જ સીમિત ન રાખે પરંતુ સમાજના છેવાડાના સમુદાયો અને વર્ગોને પણ તેની સાથે સાંકળે. અને સૌથી છેલ્લી પરંતુ સૌથી મહત્વની વાત હતી કે, આપનું એ થિએટર શોષિતપક્ષી જ હોય અને સમાજનાં ગરીબો-શોષિતોની રાજનીતિને, તેમનાં પ્રાણપ્રશ્નોને સમાજના મુખ્યધારામાં લાવવા માટે જ મથતું રહે.

અઢાર-વીસ વર્ષ સુધી આપના ઇન્ટરવ્યૂમાંની આ વાતો મનમાં ઘૂમતી રહી, ધરબાતી રહી. સતત લાગતું'તું કે આજના યુગમાં આ જ સાર્થક રંગભૂમિનો અને સાર્થક રંગકર્મનો રસ્તો છે. પણ હું અને મારાં સાથીઓ ખૂબ નાનાં હતાં, હબીબજીના જોડામાં પગ નાંખવાને લાયક નહોતા. પણ અગાઉ લખ્યું એમ 2002ના 'ગુજરાત જનસંહારે' ગુજરાતના સાંસ્કૃતિક માહોલમાં એવાં લાંબાગાળાનાં જબરદસ્ત પડકારો ખડાં કર્યાં કે, અમે શું કરી શકીએ એ વિચાર નિરર્થક બની ગયો, એક સવાલ અમારા ચેતાતંત્રામાં ઘૂમતો રહ્યો, અમારે રંગકર્મીઓએ શું કરવું જોઇએ? અને બસ, અમે 'સંવેદન સાંસ્કૃતિક કાર્યક્રમ' શરૂ કરી દીધો. તમારા 'નયા થિએટર'ના પેલાં પાયાનાં ખ્યાલો અને સપનાંઓ સાથે.

એ જ ઇન્ટરવ્યૂમાં અને એ સિવાય પણ આપ 'ઇપ્ટા' સાથેના તમારા સંપર્ક અને તમારી સંલગ્નતાને કારણે એક રાજનૈતિક સંગઠનના ભાગરૂપે ચાલતાં સાંસ્કૃતિક જૂથને કેવાં સંઘર્ષો અને અવરોધોનો સામનો કરવો પડે છે, એની વાતો પણ કરતા રહ્યાં હતાં. જે રાજનૈતિક જૂથ અને 'સંવેદન'ના અમારા પ્રયત્નમાં નડતરરૂપ ન બને એ માટે અત્યંત મહત્વપૂર્ણ બની રહ્યાં. પરંતુ સૌથી મહત્વનો આપનો જે ખ્યાલ હતો, એ શોષિતપક્ષી(જનપક્ષી) રાજનૈતિક સાંસ્કૃતિક જૂથ, શોષિતોના વડે અને શોષિતો દ્વારા સમગ્ર સમાજની વચ્ચે તરતું મૂકવાનો. અને એના માધ્યમથી 'ટોટલ થિએટર' સાકાર કરવાનો. જે થિએટર સમાજનાં વર્ગો વચ્ચે વિસંવાદ અને પછી આગળ જઇને 'નવો સંવાદ' સર્જે.

રંગકર્મીઓ માટે આજે પણ આ મસમોટાં પડકારો છે, હબીબજી. પણ તમે એ પડકારો ઝીલીને અડધી સદીની યાત્રા સફળતાપૂર્વક કરી છે. જેના કારણે અમારા જેવાં સેંકડો 'સંવેદન'નાં અંકુર દેશભરમાં ફૂટી નીકળ્યાં હશે. એ સૌ આપના અજવાળે સાર્થક રંગભૂમિ અને જનપક્ષી રાજનીતિ માટે ઝૂઝતાં રહેશે અને કદીક તમારા સ્વપ્નને સાકાર કરી બતાવશે.

જોહાર હબીબજી,
લાલ જોહાર!

***-હિરેન ગાંધી.***

[સંયોજકઃ 'સંવેદન સાંસ્કૃતિક કાર્યક્રમ']